27/02/2024

માન. અધ્યક્ષ શ્રી

માન. મંત્રીશ્રી એકબીજાને પૂરક એવા વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ આ વિભાગની માંગણી લઈને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આજે ક્લાઈમેટ ચેન્જ વિષયમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

ડેવલોપમેન્ટ માટે દરેક દેશે વન પર્યાવરણ ની ઉપેક્ષા કરીને જળવાયુ પરિવર્તનને વેગ આપ્યો છે. જળવાયુ પરિવર્તનના કારણે આવેલી કુદરતી આફતોમાં રાજ્યની દેશની કે દુનિયાની અર્થવ્યવસ્થાઓને ઘણું મોટું નુકસાન થયું છે. એક આંકડા મુજબ સંયુક્ત રાષ્ટ્ર આપદા પરિષદે જાહેર કરેલા આંકડા મુજબ 1998 થી 2017 દરમિયાન દુનિયાને ત્રણ લાખ કરોડ ડોલર અને દેશને 8000 કરોડ ડોલરનું નુકસાન થયું છે. સુકો દુકાળ, પૂર, વાદળ ફાટવું, રણનું વિસ્તરણ થવું જેવી ઘટનાઓ એ સામાન્ય બની રહી છે. કાર્બન ડાયોક્સાઈડ મીથેન જેવા ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ના કારણે પૃથ્વી ગરમ થઈ રહી છે. ગ્લેશીયર પીગળી રહ્યો છે દરિયાનું પાણી વધી રહ્યું છે અને ગુજરાત પાસે તો 1,600 km નો મોટો દરિયા કિનારો છે તો વિશેષ આપણા માટે પણ ચિંતા નો વિષય છે.

2015માં પેરિસની સમજુતી પછી આશા હતી કે કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો થશે પરંતુ તેનાથી વિપરીત કાર્બન ઉત્સર્જનમાં બધા જ દેશોની અંદર વધારો થઈ રહ્યો છે. વિવિધ દેશોની સરકારો પ્રયત્ન કરશે રાજ્યની સરકારો પ્રયત્ન કરશે પરંતુ આપણા ભવિષ્યમાં આપણા બાળકોને આપણે શું આપીને જવું છે માનવજાતના અસ્તિત્વ માટે કેવા પગલાં લેવા છે એના માટેની વિકાસ અને તેની સાથે જોડાયેલી નીતિઓ તેની સાથે જ જોડાયેલી યોજનાઓ એ જળવાયુ પર પરિવર્તન પર શું અસર કરશે તેની ચર્ચા આ ગૃહમાં પણ જરૂરી છે.

ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવો અને કાર્બન નેટ ઝીરો એટલે કે કાર્બન ન્યુટ્રલ બનવા તરફ આપણે આગળ વધવું પડશે. કાર્બનને શોષતા વૃક્ષો વધુ સંખ્યામાં વાવવા પડશે પરંતુ એની સાથે તેના ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે ગંભીર ચિંતનની સાથે ભારતે

જ્યારે નેટ ઝીરો 2070 સુધીમાં પ્રાપ્ત કરવાની નેમ લીધી છે કેટલાક પગલાં તાત્કાલિક લેવા પડશે.

માન. વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 2009માં આબોહવા પરિવર્તનના અનુકૂલન અને  શમન ઉદાત કામગીરી માટે સમર્પિત વિશિષ્ટ વિભાગની સ્થાપના કરીને આ વિષયમાં ગુજરાતને રાષ્ટ્રીય કાર્ય સચિન કેન્દ્ર બનાવ્યું હતું. આજે સમગ્ર વિશ્વમાં વિકાસશીલ રાષ્ટ્રના રૂપમાં ભારતે જે રીતે રેન્યુએબલ એનર્જી એટલે કે સૌર ઊર્જા પવન ઊર્જા ગ્રીન હાઈડ્રોજન નો ઉપયોગ તે વિશ્વ માટે ઉદાહરણરૂપ છે.વડાપ્રધાન  શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને આ વિષયમા યુનાઈટેડ નેશન્સ દ્વારા 2018માં ચેમ્પિયન ઓફ ધ અર્થ એવોર્ડ ફોર ઈન્ટરનેશનલ સોલર એલાઈન્સ, Cambridge energy research associate દ્વારા 2021મા global energy and environment leadership award એ  મળ્યા છે એ આ આ વિષયમાં તેમના વૈશ્વિક નેતૃત્વની પ્રતીતિ કરાવે છે

ચાલુ નાણાકીય વર્ષ 2024-25 માં ક્લાયમેટ ચેન્જ એક્શન પ્લાન અને ડેશબોર્ડ શરૂ કરવા માટે પાંચ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે અને ક્લાઈમેટ ચેન્જની વિપરીત અસરોને ખાળવા માટે ગ્રીન બજેટમાં 20,000 કરોડની જોગવાઈ કરેલ છે આજે દેશમાં પેદા થતી રીન્યુઅલ એનર્જીમાં ગુજરાતનો ફાળો ૧૫ ટકા છે આ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અને એમાં પણ સોલર રૂફટોપ કેટેગરીમાં સમગ્ર દેશની અંદર 82% ના ફાળા સાથે ગુજરાત પ્રથમ છે અને સમગ્ર ગુજરાતની અંદર હું જ્યાંથી પ્રતિનિધિત્વ કરું છું એ વડોદરા શહેરનો હિસ્સો પણ રાજ્યમાં સૌથી મોટો છે.

એક બાજુ ભગવાન શ્રી રામના પુન:પ્રાણ પ્રતિષ્ઠા ના સમયે માન્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા એક કરોડ ઘર પર પ્રધાનમંત્રી સૌર ઘર યોજનાથી સોરલ રૂફટોપ ને પ્રોત્સાહન આપવાની વાત કરી છે ત્યારે ગુજરાત સરકારે પણ સોલર રૂફટોપ યોજના અંતર્ગત 993 કરોડની જોગવાઈ કરી છે

અને અર્ધસરકારી કચેરીઓ પર અપેક્ષ મોડેલ હેઠળ 40 મેગા વોટ સોલર યોજના અંતર્ગત 100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બેટરી ઓપરેટેડ વાહનોને પ્રોત્સાહન આપવા માટે દ્વિચક્રી વાહનોને ખરીદી માટે વાહન દીઠ ₹12,000 ની અને ત્રિચકરી બેટરી ઓપરેટેડ વ્હીકલ માટે વાહન દીઠ રૂપિયા 48,000 ની સહાય માટે નવ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિવિધ કોર્પોરેશન દ્વારા પણ એવી વહીકલની ખરીદી માટે તેના પર લાગતા ટેક્સમાં છૂટ આપવામાં આવી છે.

બીજા કેટલાક નાના નાના ઈન્સેટિવ થકી જેવા કે કચ્છમાં 30 ગીગા વોટ નો હાઈબ્રીડ (સોલર અને વિન્ડ) રીન્યુએબલ એનર્જી પાર્ક, ગૌ શાળા પાંજરાપોળ શૈક્ષણિક સંસ્થા ટ્રસ્ટો જેવા 12 કરોડના ખર્ચે બાયોગેસ પ્લાન્ટ ની સ્થાપના નું આયોજન હોય, ગ્રામ પંચાયતોમાં સુધારેલી સ્મશાન ભઠ્ઠીની સ્થાપવા માટે 20 કરોડની જોગવાઈ હોય, પ્લાસ્ટિક વેસ્ટ માં રિસાયક્લર પ્લાન્ટ નાખવાની વાત હોય, હાઈડ્રોજન ટેકનોલોજી નો પણ ભવિષ્યમાં ઉપયોગ થાય તે દિશામાં કામ કરવાની વાત હોય આવા અનેક કાર્યો થકી ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

ત્યારે આજની આ માંગણીને મારું સંપૂર્ણ સમર્થન આપતા વિપક્ષ જે કાપ દરખાસ્ત લાયા છે ત્યારે ઓછામાં ઓછું આ વિષય પર પોલિટિક્સથી પર વિચારીને આપણા બધાની માનવ જાતને  બચાવવાની સામૂહિક જવાબદારી છે તે અનુરુધ સાથે કાપ દરખાસ્ત પાછી ખેંચવા મારો અનુરોધ છે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના શબ્દો એ આ વિષયને સાચા પડે છે યહી સમય હૈ ,સહી સમય હૈ ,નિર્ણય કા યહી સમય હૈ

***